# IIT-Gnના પ્રોફેસર ભાટીયાને રિસર્ચ માટે મળી રામાનુજ ફેલોશિપ

## પાંચ વર્ષથી યુરોપમાં સેલ બાયોલોજી પર કામ કરે છે

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

IIT ગાંધીનગરમાં બાયોલોજીકલ એન્જિનિયરિંગમાં આસિસન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ધીરજ ભાટીયાને સાયન્સ અને



એન્જિનિયરિંગ રીસર્ચ બોર્ડ દ્વારા 'રામાનુજ ફેલોશિપ' અપાઈ છે. વિદેશમાં રહીને રિસર્ચવર્ક કરી રહેલાં એન્જિનિયર્સ અને વૈજ્ઞાનિકો ભારતમાં પરત ફરીને સંશોધન કાર્ય હાથ ધરે તે માટે રામાનુજ ફેલોશિપ આપવામાં આવે છે. રામાનૂજ ફેલોશિપ માટે અરજી કરનારના વૈજ્ઞાનિક સંશોધનો, પ્રકાશન અને ઈનોવેશનને ધ્યાનમાં રાખીને લાંબી સિલેક્શન પ્રોસેસના અંતે ભારતભરમાંથી લિમિટેડ લોકોની પસંદગી કરવામાં આવે છે. પ્રોફેસર ધીરજ ભાટીયા છેલ્લા પાંચ વર્ષથી યુરોપમાં સેલ બાયોલોજી અને બાયોમેડિકલ એપ્લિકેશન્સ પર કામ કરીને જુલાઈ 2018માં આઈઆઈટીમાં આસિસન્ટ પ્રોફેસર તરીકે જોડાયા છે. તેઓ આઈઆઆઈટીમાં રહીને જ રામાનુજ ફેલોશિપ અંતગર્ત પોતાનું રિસર્ચવર્ક કરશે. પ્રોફેસર ભાટિયાએ કહ્યું કે, ' મારું સંશોધન નેનો ટેક્નોલોજી, સેલ બાયોલોજી અને માઈક્રોસ્કોપીના ઈન્ટરફેસ પર છે. હું આ પ્રતિષ્ઠિત ફેલોશિપના માધ્યમથી મારા રિસર્ચ ક્ષેત્રમાં વધુ સારી રીતે અને ઈન્ડિયાને હેલ્પફૂલ થઈ શકે તે મુજબનું સંશોધન કરીશ.'

**Title:** IITGN professor receives Ramanujan Fellowship
**Source:** City Bhaskar (Pg. no. 01)
**Date:** 21/09/2018